# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-08-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રીએ કહ્યું, વન બહારના વિસ્તારમાં વન આવરણ વધારવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને
2. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે
3. છેલ્લા બે વર્ષમાં બીજ નિગમ દ્વારા પ્રમાણિત બિયારણના ઉત્પાદન અને વેચાણમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો
4. અમદાવાદમાં 2030 રાષ્ટ્રમંડળ રમતોત્સવનું આયોજન કરવા માટે ભારતે લંડનમાં પ્રસ્તાવ રજૂ કર્યો
5. પૂર્વ અને મધ્ય ગુજરાતમાં આજે મેઘમહેર-હાલોલમાં 9 ઇંચ વરસાદથી જળબંબાકાર
6. છોટાઉદેપુર જિલ્લાના ખેલાડીએ વુડબોલ એશિયા કપ 2025માં કાંસ્ય ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM VAN MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વન બહારના વિસ્તારમાં 1143 ચોરસ કિલોમીટરના વન આવરણ વધારવા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર ખાતે '76મા વન મહોત્સવ'ની ઉજવણી દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન રાજ્યના 24મા સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે, આબોહવા પરિવર્તનનો અલાયદો વિભાગ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

## (બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્ય જળપ્લાવિત સત્તામંડળની વેબસાઇટનો પણ શુભારંભ કરાયો. આ ઉપરાંત ગ્રામ વન નિર્માણ અને પટ્ટી વાવેતરની ઉપજના ચેકનું ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતોને વિતરણ તથા વન વિભાગની યોજનાઓના ચેક લાભાર્થીઓને અર્પણ કરાયા હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા, રાજ્યમંત્રી મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યા.

-------------

# HM GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે. આ પ્રસંગે તેઓ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે.

શ્રી શાહ આજે સાંજે અમદાવાદના જોધપુર અને વસ્ત્રાપુરમાં ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

આવતીકાલે સવારે ઓગણજ અને ચાંદલોડિયામાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. જ્યારે રાણીપ અને નવા વાડજમાં વૃક્ષારોપણ કરશે. અમદાવાદ ભદ્રકાળી માતાના દર્શન કરશે અને લાલ દરવાજા ખાતે સરદાર બાગનું લોકાર્પણ કરશે. તેમજ સાંજે ગાંધીનગરમાં ડાયલ 112 અંતર્ગત શરૂ થયેલા જનરક્ષક પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NCCSD INTERACTION MEET

રાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અને સતત વિકાસ અને જાહેર નેતૃત્વ પરિષદ-NCCSD, અમદાવાદ દ્વારા "મહિલા ખેડૂત-નવા ખેડૂત" વિષય પર શાહીબાગ ખાતે ઈન્ટરએકશન બેઠકનું આયોજન કરાયું. આ કાર્યક્રમમાં નીતિ આયોગના સભ્ય પ્રોફેસર રમેશ ચંદ અને ડૉ. વી.કે. સારસ્વત ઉપસ્થિત રહ્યા. પ્રોફેસર રમેશ ચંદે જણાવ્યું કે આજે મહિલાઓ ઘરકામ તથા પશુપાલન સિવાય ખેતીની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી રહી છે.

**(બાઇટ : રમેશ ચંદ, સભ્ય, નીતિ આયોગ)**

આ કાર્યક્રમ રાજ્યના 5 જિલ્લામાં આયોજત કરાયો અને 2 હજાર 500થી વધુ મહિલા ખેડૂતને તાલીમની સાથે માર્ગદર્શિકા પણ આપવામાં આવી. કાર્યક્રમ બાદ મહિલાઓએ પોતાના અનુભવ રજૂ કરતાં જણાવ્યું કે આ કાર્યક્રમથી મહિલાઓમાં સકારાત્મક બદલાવ જોવા મળ્યો અને તેઓ વધુ જાગૃત બન્યાં છે.

(બાઇટ : હસ્તી ડાંગર – લાભાર્થી)

-------------

# C R PATIL - NAVSARI

નવસારીમાં કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને "શહેરી વિકાસ વર્ષ–૨૦૨૫" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં UDY ઇવેન્ટ બુક લોન્ચ, નવસારી હેરિટેજ અને ટુરિઝમ પહેલનું લોન્ચિંગ, નવસારી ફ્લડ પ્લાન બુક લોન્ચ તથા ૧૮૫ કરોડના વિવિધ કામોનું ખાતમુહુર્ત લોકાર્પણ તથા મહાનગરપાલિકાના વિવિધ સાધન સંસાધનોનું લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે બોલતા કેન્દ્રિય મંત્રીએ કહ્યું કે, નવસારીમાં ખુબ જ સારી ગુણવત્તાયુક્ત કામગીરી થઇ છે.

**(બાઇટ - C R Patil)**

આ ઉપરાંત કાર્યક્રમમાં નિર્મળ ગુજરાત, જળ વ્યવસ્થાપન અને "Catch the Rain" અભિયાન અંતર્ગત જનજાગૃતિ પ્રવૃત્તિઓ અંગે સરપંચો માટે તાલીમ વર્કશોપ યોજાયો હતો.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# BEEJ NIGAM

બીજ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં પ્રમાણિત બિયારણના ઉત્પાદન અને વેચાણમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ, બે વર્ષમાં આશરે એક લાખ 30 હજાર ક્વિન્ટલના વધારા સાથે વર્ષ 2024-25માં 3 લાખ 68 હજાર ક્વિન્ટલ પ્રમાણિત બિયારણનું ઉત્પાદન થયું છે. જ્યારે વર્ષ 2022-23માં કુલ 2 લાખ 49 હજાર ક્વિન્ટલ બિયારણના વિતરણ સામે ગત વર્ષે બે

લાખ 97 હજાર ક્વિન્ટલ બિયારણનું વેચાણ કરાયું. એમાં પણ, માત્ર બે જ વર્ષમાં 48 હજાર ક્વિન્ટલનો વધારો જોવા મળ્યો છે.

ચાલુ વર્ષે અંદાજે ત્રણ લાખ 40 હજાર ક્વિન્ટલ અને વર્ષ 2030 સુધીમાં વાર્ષિક 4 લાખ ક્વિન્ટલ બિયારણ ખેડૂતોને વિતરણ કરવાનો લક્ષ્યાંક રખાયો હોવાનું પણ શ્રી પટેલે જણાવ્યું હતું.

-------------

# COMMONWEALTH GAMES

અમદાવાદમાં 2030 રાષ્ટ્રમંડળ રમતોત્સવનું આયોજન કરવા માટે ભારતે લંડનમાં પ્રસ્તાવ રજૂ કર્યો. ભારતીય રાષ્ટ્રમંડળ રમતો મહામંડળ અને રાજ્ય સરકારના વતી રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે સમક્ષ સત્તાવાર દરખાસ્ત રજૂ કરી.

શ્રી સંઘવીએ જણાવ્યું કે આ પ્રસ્તાવ સુગમ અને સમાવેશી રમતગમત કાર્યક્રમ પ્રત્યેની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. લંડનમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે સમક્ષ ઔપચારિક બોલી રજૂ કરવામાં આવી હતી. આ બોલીમાં અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ માટે યજમાન શહેર તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

-------------

# GUJARAT RAIN

રાજ્યના 116 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે, જેમાં પંચમહાલ જિલ્લાના હાલોલમાં સૌથી વધુ 9 ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જેને પગલે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : વિપુલ પુરોહિત )**

દરમિયાન આણંદના ઉમરેઠ અને મહીસાગરના કડાણામાં પણ 4 ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા, ડીસા, દિયોદર ભાભર, થરા પંથકમાં પણ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 88 ટકા વરસાદ નોંધાયો છે.

-------------

# GUJARAT DAM

ભારે વરસાદને પગલે રાજ્યના 104 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 94 ટકા ભરાયો છે, ડેમની જળ સપાટી 136 મીટરે પહોંચી છે, ત્યારે ડેમમાંથી ત્રણ લાખ ક્યુસેક જેટલું પાણી છોડાયું છે. જેને પગલે વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના નદીકાંઠાના ગામને એલર્ટ કરાયા છે. જ્યારે કરજણ બંધના ત્રણ દરવાજા આજે ફરી ખોલવામાં આવતા કાંઠા વિસ્તારના 6 ગામોને સાવચેત કરાયા છે.

દરમિયાન વલસાડના મધુબન બંધનું જળસ્તર 75.95 મીટરે પહોંચ્યું છે. ત્યારે રુલ લેવલ જાળવવા માટે બંધના 4 દરવાજા ખોલી 12 હજાર 568 ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું છે.

-------------

# WEATHER FORECAST

પૂર્વ-મધ્ય ગુજરાતનાં જિલ્લામાં આજે અતિ ભારે વરસાદની આગાહી છે. આજે આણંદ, ખેડા, પંચમહાલ અને દાહોદમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 5 દિવસ દરમિયાન ગાજવીજ સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ત્યારે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

-------------

## CHHOTA UDEPUR PLAYER

છોટાઉદેપુર જિલ્લાના ખેલાડીએ વુડબોલ એશિયા કપ 2025માં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ઇન્ડોનેશિયામાં યોજાયેલી આ સ્પર્ધામાં નસવાડી તાલુકાના ઝેર ગામના જયરાજ રાઠવાએ દેશનું પ્રતિનિધિત્વ કર્યું

હતું. જયરાજ રાઠવા પેરામેડિકલ કાર્ડિયોલોજી હાર્ટ સ્પેશિયલિસ્ટમાં અભ્યાસની સાથે વુડબોલ રમતની પ્રેક્ટિસ કરતો હતો.

---------------

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .